ગુજરાત બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક
વિકાસ નિગમની રચના કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્ર:સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦/૦૯/૨૦૧૭

**પ્રસ્તાવના:-**

ગુજરાતમાં હાલ અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તેમજ વિચરતી અને વિમુક્ત જાતિઓના શૈક્ષણિક, આર્થિક તેમજ અન્ય સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ માટે જુદા-જુદા નિગમો કાર્યરત છે. તાજેતરમાં અનામત વર્ગો સિવાયના બિન અનામત વર્ગો જેવા કે પાટીદાર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક, લોહાણા, સોની, ખમાર, મહેશ્વરીવિગેરે જેવી અંદાજે ૫૮ જેટલી જ્ઞાતિઓમાં અનામતમાં અને અન્ય શૈક્ષણિક આર્થિક વિકાસની પ્રગતિમાં તેમનામાં આર્થિક નબળા કુટુંબો છે તેમને પણ ન્યાય મળે તે માટે માંગણી પ્રબળ બની છે. આવા બિન અનામત વર્ગો માટે અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને મળતા ૪૯% અનામત ઉપરાંત અલગથી બિન અનામત આર્થિક પછાત વર્ગો માટે ૧૦% અનામત આપવાનો સરકારે નિર્ણય લીધો હતો. તે નિર્ણયને ગુજરાત વડી અદાલતે ગેરબંધારણીય ઠરાવતાં રાજ્ય સરકારે સર્વોચ્ચ અદાલતમાં પડકારેલ છે અને હાલ આ બાબત સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીન (Subjudice) છે.

ઉપરોક્ત પરિસ્થિતિમાં અનામત સિવાયના વિકાસના અન્ય ક્ષેત્રોમાં સરકાર શું કરી શકે તે માટે બિન અનામત વર્ગોના અગ્રણીઓ, સમાજ શ્રેષ્ઠીઓ અને સંગઠનો સાથે ચર્ચા વિચારણાના અંતે બિન અનામત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક સર્વાંગી વિકાસ માટે એક નિગમની રચના કરવાનું ઠરાવ્યુ છે. પુરતી વિચારણાના અંતે આ નિગમના ઉદ્દેશો, પ્રવૃત્તિઓ અને સ્વરૂપ માટે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવ:**

૧ આ નિગમનુ નામાભિધાન "ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ" રહેશે અને તેનુ વડું મથક ગાંધીનગર રહેશે.

૨ આ નિગમ દ્વારા બિન અનામત વર્ગોના એટલે કે અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો સિવાયના (General Category) કુટુંબો, વિદ્યાર્થીઓ અને અરજદારોના સર્વાંગી શૈક્ષણિક અને આર્થિક વિકાસની પ્રવૃત્તિ કરવાની રહેશે.

3 ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ નીચે મુજબ રહેશે.

(૧) આ વર્ગો પૈકીના ખેડૂતો, પશુપાલકો, કારીગરો અને મજૂરોને શૈક્ષણિક અને આર્થિક ઉપાર્જન માટે રાહતના વ્યાજદરે ધીરાણ આપી રોજગારીની તકો પૂરી પાડશે.

(૨) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓની શૈક્ષણિક તથા આર્થિક સ્થિતિ સુધારવા અંગે જુદી જુદી યોજનાઓ તૈયાર કરવી, મંજૂર કરાવવી અને તેના અમલીકરણ માટે પગલાં લેવા તેમજ રોજગારીની વધુ તકો ઉભી કરવી/કરાવવી.

(૩) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓમાં શિક્ષણનો ફેલાવો થાય તે માટે યોજનાઓ ઘડવી અને તેના અમલીકરણ માટે કાર્યવાહી કરવી તેમજ સરકાર ધ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકેલ હોય તેના લાભ બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના લોકોને મળે તે માટે મદદરૂપ થવુ.

(૪) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના આર્થિક વિકાસ માટે તેઓના મૂળ વ્યવસાયને અનુરૂપ ધંધા વિકાસની યોજનાઓ તૈયાર કરવી અને તે માટે નાણાકીય સંસ્થાઓ, રાષ્ટ્રીયકૃત બેંકો/સહકારી બેંકો, રાજ્ય કે કેન્દ્ર સરકારના વિભાગો, ખાનગી કે સહકારી સંસ્થાઓ તેમજ વિવિધ એજન્સીઓના સહકારમાં કે સહયોગમાં યોજનાઓનો અમલ કરાવવો.

(૫) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના ઇસમોના રહેણાંકના/વસવાટના પ્રશ્નો, વીજળી, પાણી અને ગટર વ્યવસ્થા જેવી અગત્યની બાબતો માટે ઘડવામાં આવેલ સરકારની યોજનાઓનો પુરેપુરો અમલ કરાવવો અને આ બાબતે નવી યોજનાઓ બનાવવી અને તેનો અમલ કરાવવો.

(૬) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના કૌશલ્ય વર્ધન માટેની વ્યવસ્થા કરી રોજગારીની તકો ઉભી કરવી.

(૭) રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર અને નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણના સંપર્કમાં રહીને બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના લોકોના આર્થિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે કાર્યવાહી કરવી.

(૮) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના લોકોના આર્થિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની જુદી જુદી યોજનાઓનો લાભ ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી કરવી.

(૯) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના વિકાસ માટેની યોજનાઓના મૂળભૂત આશય સાથે સુસંગત રહી આ જાતિઓ માટે આ યોજનાઓના અસરકારક અમલ માટે સંબંધિતોને જરૂરી સલાહ સૂચન કરવા.

(૧૦) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના આર્થિક વિકાસ અંગે ઉપાર્જન થાય તેવી યોજનાઓ અને તે અંગેની તાલીમ આપવાના કાર્યક્રમો ગોઠવવા.

(૧૧) સરકાર તરફથી ઉપરોકત હેતુઓ માટે સોંપવામાં આવે તેવી અન્ય કામગીરી કરવી.

(૧૨) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના ઉત્કર્ષ અને આ પહેલાં રાજય સરકાર અથવા તો બીજી સંસ્થાઓ ધ્વારા થયેલ કાર્યવાહીનું અવલોકન કરી અત્યારે અપાતી સવલતો તથા લાભો વિગેરે બાબતોમાં જરૂરી સલાહ સૂચન કરવાં.

(૧૩) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના શૈક્ષણિક, આર્થિક અને અન્ય ક્ષેત્રે હાંસલ કરેલ પ્રગતિનું મૂલ્યાંકન કરવું.

(૧૪) બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓના આર્થિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે આવશ્યક જણાય તે કાર્યવાહી હાથ ધરવી.

(૧૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ માટે અમલમાં હોય તેવી કલ્યાણકારી યોજનાઓના લાભો બિન અનામત વર્ગ (General Category) ની જ્ઞાતિઓની સંબંધિત જાતિઓને પણ અસરકારક રીતે મળે તે માટે જરૂરી તમામ કાર્યવાહી કરવી.

આઉપરાંત સરકારશ્રી વખતોવખત નકકી કરે તે તથા મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને આર્ટીકલ્સ ઓફ અસોસીએશનમાં સમાવેશ કરેલ ઉદ્દેશો મુજબ કામગીરી કરવી.

(૧૬) બિન અનામત વર્ગ (General Category) ની જરૂરિયાતમંદ જ્ઞાતિઓના પ્રશ્નો ઉપર વિગતવાર વિચારણા કરી તેના ઉકેલ માટે પ્રયત્નોકરવા.

૪ આ નિગમના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ તેમજ સરકારી અને બિન સરકારી નિયામકો નીચે મુજબ રહેશે.

(૧) અધ્યક્ષ

(૨) ઉપાધ્યક્ષ

(૩) અન્ય ૭ બિન સરકારી નિયામકો/સભ્યો

ઉપરોક્ત અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને બિન સરકારી નિયામકો/સભ્યોની નિમણૂક સરકાર કરશે અને તેમના પદધારણની અવધિ સરકાર ઠરાવે તેટલી રહેશે. નિયામક મંડળમાં બિન અનામત જાતિઓ/વર્ગો પૈકી શક્ય તેટલી વધુ જાતિઓ/જૂથો/વર્ગોને ઉક્ત નિગમમાં પ્રતિનિધિત્વ મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૫ ઠરાવેલ નિગમમાં નીચે મુજબના સરકારી એટલે કે હોદ્દાની રૂએ (Ex-officio) નિયામકો રહેશે.

(૧) નાયબ સચિવ (વિ.જા.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(૨) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ

(૪) કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગ અથવા તેમના વર્ગ-૧ કક્ષાના પ્રતિનિધિ.

(૫) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

૬ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમમાં પ્રથમ તબક્કે નીચે મુજબનુ મહેકમ/સ્ટાફ મંજૂર કરવામાં આવે છે.

| અનું. નં. | જગ્યાનોહોદ્દો | જગ્યાનીસંખ્યા |
|---|---|---|
| ૧ | મેનેજીંગડીરેકટર, વર્ગ-૧ (અધિક કલેક્ટર અથવા અધિક/સંયુક્ત/નાયબ સચિવ કક્ષાના) | ૧ |
| ૨ | સમાજકલ્યાણઅધિકારી, વર્ગ.૨ | ૨ |
| ૩ | હિસાબી અધિકારી, વર્ગ-૨ | ૧ |
| ૪ | મદદનીશસમાજકલ્યાણઅધિકારી, વર્ગ.૩ | ૨ |
| ૫ | સીનીયરકલાર્ક,વર્ગ.૩ | ૩ |
| ૬ | જુનીયરકલાર્ક,વર્ગ.૩ | ૩ |
| ૭ | સ્ટેનોગ્રેડ-૨,વર્ગ.૩ | ૧ |
| ૮ | પટાવાળા | ૩ |
| ૯ | ડ્રાઇવર | ૨ |
| | કુલ | ૧૮ |

સરકારની પ્રવર્તમાન નીતિ પ્રમાણે ડ્રાઇવર અને પટાવાળાની સેવાઓ નિગમે આઉટસોર્સથી મેળવવાની રહેશે.

૭ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના જરૂરી મેમોરેન્ડમ ઓફ એસોસિએશન અને આર્ટીકલ્સ ઓફ એસોસિએશન તૈયાર કરી તેની વિધિવત નોંધણી ભારતીય કંપની અધિનિયમ-૨૦૧૩ હેઠળ કરવાની રહેશે. નોંધણીની કાર્યવાહી પૂરી થયા બાદ આ અંગેની વિગતો નિયમોનુસાર રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાને પૂરી પાડવાની, ધારા ધોરણો અનુસાર લઘુત્તમ ફંડ જાળવવાનું વગેરે આનુષાંગિક કાર્યવાહી કરવાની થશે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાનું આવુ પ્રમાણપત્ર મેળવીને નાણાકીય ધિરાણ વગેરેની આનુષાંગિક કાર્યવાહી નિગમ કરી શકશે.

૮ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનુ અધિકૃત શેરભંડોળ રૂ.૧૦૦ કરોડનુ રહેશે. દર વર્ષે રૂ.૫.૦૦ કરોડની ભરપાઇ થયેલ શેરમૂડી નિગમના હવાલે મુકવાની રહેશે. જે વર્ષ ૨૦૧૭-૧૮માં સુધારેલા અંદાજપત્રમાંની જોગવાઇથી મેળવવાની રહેશે. ધિરાણ પ્રવૃત્તિઓ માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં. રૂ.૫૦૦ કરોડની ફાળવણી સુધારેલા અંદાજપત્રમાં કરીને મેળવવાની રહેશે, જેમાંથી નિગમની ધિરાણની પ્રવૃત્તિ અને વહીવટનો ખર્ચ પણ કરવાનો રહેશે.

૯ આ નિગમ સત્વરે કાર્યરત થાય તે માટેની જરૂરી આનુષાંગિક કાર્યવાહી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ સંબંધિતો સાથે સંકલન કરીને પૂર્ણ કરવાની રહેશે.

આ હુકમો સરખાક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા ૨૯/૦૯/૨૦૧૭ની અને સરકારશ્રીની તા ૨૯/૦૯/૨૦૧૭ની નોંધથી મળેલી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી સા.ન્યા. ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રી/માન.રા.ક.મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. સંસદીય સચિવશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગંધીનગર.
- કમિશ્નરશ્રી, કુટીર ઉધોગ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તકેદારી અધિકારીશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ
- ના.સે.અધિ.શ્રીની સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ